# ઈદુલ ફિત્ર

ઈદુલ ફિત્ર તીસ અય્યામના રોઝાની શિદ્દત બાદ દિનમાં જમવા અને પીવાની નેઅમતોથી ખુશી હાસિલ કરવું છે. અલ્લાહતઆલાની વરસાદની રેહમત આસ્માન પરથી ઝમીન પર નાઝિલ થાય છે, એ પહેલા અંધારુ આવે છે, વીજલીના ઝબકારા થાય છે, ઠંડી અને ખુશગવાર હવા ચાલે છે અને આ બધી અલામતો બારિશની આમદ ની પૈશગીથી ખબર કરે છે. આ જ મિસાલ પર ઈદુલ ફિત્રની આમદ પહેલા શેહરૂલ્લાહિલ હરામ આ ખલ્ક પર તીસ દિનના ઈલાહી મેહમાન રેહમત, મગફેરત અને શફાઅતની આલી કદર નવાઝિશો લઈને હાઝિર થાય છે અને ઈદુલ ફિત્રની આમદ ની પૈશગોઈ કરે છે. **આ ઇદ કોઇ દુનિયાની માઅમૂલી ખુશીના હાસિલ થાવાથી નથી હોતી, પણ આ ખુશી ઇન્સાનની નફસ અને સૂરતની બલંદી થાવાથી હોય છે.**

મુમેનીને બફરમાને ખુદા નમાઝ, રોઝા અને શબ-બૈદારીમાં તીસ અય્યામ ગુઝારા અને રોઝમર્રાની આદતોમાંથી જિસ્માની ખ્વાહેશાત, દુનિયાવી લઝઝતો અને મુતાલેબાતની બાદબાકી કરી પોતાની નફસે આકેલાને ઈલાહી ઈલ્મ અને નૂરથી મોઝય્યન કરી નફસે રાઝીયા-મરઝીયામાં તબ્દીલ કીધો અને નફસે અમ્મારા તેમજ નફસે લવ્વામાને કચડી નાંખો. **ખૈરના આઅમાલ કરીને મુમેનીને ઇન્સાની દાએરામાંથી નીકલીને ફરિશ્તાઇ સીરત-સૂરત અપનાવી એ હકીકી ઇદ છે.** શહરૂલ્લાહ મુમેનીનને દરમિયાન અજરો સવાબનું અઝીમ મીઝાન અને તરાઝૂં હોય છે. આ તરાઝૂંના એક જાનિબ શહરૂલ્લાહના આઅમાલે ખૈરની મેહનત અને મશક્કત મૂકીએ તો એટલો જ અજર તેની બીજી જાનિબમાં ઈલાહી ઈનાયતોના રૂએ હાસિલ કીધો. યાઅની કે ખૈરના જેટલા બીજ બોયા એટલી જ ફસલ તેએ લણી.

આ ઈદ તે ખુશી છે જેનો ઈઝહાર એક મુમિન બંદાએ પોતાના ખાલિક ને ખુશ રાખવામાં જદ્દો કદ ઈખ્તિયાર કરવામાં કીધી. આ ખુશી એક રૂહાની-બાતિની અને અખ્લાકી છે, જે એક બંદો તહેદિલથી પોતાના પાલનહાર ને વાસ્તે ઈઝહાર કરે છે અને એની ઈન્તેહા ફરીઝતો-સુન્નતો અદા કરવામાં એની તદબીર-કોશિશ છે. અલ્લાહતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, "વમન અરાદલ આખેરતા વ સઆ લહા સાઅયહા વહોવા મુમેનુન ફઉલાએકા કાના સાઅયોહુમ મશ્કૂરા." યાઅની કે જે શખ્સે આખેરત તલબ કરવાનો ઈરાદો કીધો અને એ વાસ્તે કોશિશે પૈહમ કીધી અને એ ઈમાનદાર હોય, તો તેમની આ કોશિશ અલ્લાહને નઝદીક ઘણી અઝીઝો બરતર છે. તાવીલની ઝબાનમાં રોઝાનો અમલ છુપાવવું અને પડદામાં રાખવું છે તેમજ **ઇફતાર કરવું મૌલાના મેહદી (અ.સ.) ના ઝાહિર થાવાની મિસિલ છે.** જે વકત મૌલાના મેહદી (અ.સ.) કાઈમ થયા તો આપે આપને પહેલાની મખ્ફી દાઅવતને અલલ એલાન ઝાહિર કીધી, એના મિનારને કાઈમ કીધા, પડદા અને સતરને દૂર કીધો જે રોઝાને બરાબર હતી અને આપનું કાઈમ થાવું અને દાઅવતને ઈઝહાર કરવું, બલા અને મેહનતને કશફ કરવું છે અને મુમેનીનના દિલોમાં ફરહત અને મસર્રતનું ઝાહિર થાવું છે; જે મુજબ ઈદને દિન મુમેનીનના ચેહરાઓ પર નમૂદાર થાય છે. અલ્લાહતઆલા મુમેનીનને ઈદુલ ફિત્રની ખુશહાલી અને ફરહતુલ કલ્બ મુબારક કરે. ★

સદા ઈદુલ ફ઼િતર કી જબ હમારે કાન પે આઈ,
નયા પહલુ બદલકર રહમતે પરવરદિગાર આઈ,

નહાકર બુલબુલેં શબનમ મે ગુલશનમેં ઉતર આઈ,
લગી વો ચહચહાને યું કે લો ઈદુલ બહાર આઈ,

સઆદત કી સહર કો જગમગાદી શમ્સને આકર,
સદાએ મરહબા સલ્લે અલા કી હી પુકાર આઈ,

ઈલાહી દાઈએ હક્કકો અતા કર સો બરસ તક ઈદ,
અઝલ સે આપ હી કે વાસ્તે યે સાઝકાર આઈ,

રહે શાદાં ઝ઼િયાઉદ્દીન ઔર માઝૂં પિસર ઉનકે,
દોઆ " કમ્બર " કે દિલસે નીકલી લબ પર બાર બાર આઈ. ★